ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

પંચમહાલ-દાહોદ

શુક્રવાર ૧૬ ઓક્ટોબર, ૨૦૨૬ | દાહોદ કાર્યાલય : સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785

સંક્ષિપ્ત સમાચાર

સુખસર સી.આર.સી. કક્ષાના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનનો ઉત્સાહભેર પ્રારંભ

સુખસર : સુખસર સી.આર.સી. કક્ષાના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનનું ઉત્સાહભેર ઉદઘાટન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે શિક્ષણ સાથે વિજ્ઞાન અને ટેકનોલોજી પ્રત્યે વિદ્યાર્થીઓમાં જિજ્ઞાસા, સર્જનાત્મકતા અને વૈજ્ઞાનિક અભિગમ વિકસે તેવા હેતુથી યોજાયેલા આ કાર્યક્રમમાં વિવિધ શૈક્ષણિક અગ્રણીઓ અને શિક્ષકગણ ઉપસ્થિત રહ્યા હતા. પ્રદર્શનના ઉદઘાટન પ્રસંગે સુખસર તાલુકા સ્વેચ્છિક મહાસંઘનાં મહિલા ઉપાધ્યક્ષ અનિતાબેન પટેલ,મહિલા સહમંત્રી પ્રીતિબેન ભુનેતર, પે સેન્ટર આચાર્ય અરવિંદભાઈ તડવી, સી.આર.સી. કોઓર્ડીનેટર કલ્પિતભાઈ પટેલ, જિલ્લા ઉપાધ્યક્ષ વિરેન્દ્ર કુમાર તાવીયાડ,મંત્રી મનીષભાઈ કલાલ સહિત સી.આર.સી. હેઠળની વિવિધ શાળાઓના શિક્ષક ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી ગોવિંદ ગુરુ યુનિ.ના રસાયણશાસ્ત્ર વિભાગમાં પ્રયોગશાળા સલામતી અંગે સ્પર્ધા યોજાઈ

ગોધરા : ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરાના રસાયણશાસ્ત્ર વિભાગ દ્વારા પ્રયોગશાળામાં સલામતી અને યોગ્ય કાર્યપદ્ધતિ વિષય પર વિશેષ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કુલ ૪૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને પ્રયોગશાળાની સલામતીને લગતા વિવિધ વિષયો પર પોતાના પ્રેઝન્ટેશન રજૂ કર્યા હતા. વિદ્યાર્થીઓમાં પ્રયોગશાળામાં કાર્ય કરતી વખતે રાખવી પડતી સાવચેતીઓ, શ્રેષ્ઠ પ્રયોગશાળા પદ્ધતિઓ અને જવાબદાર વૈજ્ઞાનિક અભિગમ અંગે જાગૃતિ કેળવવાનો આ કાર્યક્રમનો મુખ્ય હેતુ હતો. યુનિવર્સિટીના કુલપતિ પ્રોફેસર ડો. હરિભાઈ કાતરિયા અને કુલસચિવ ડો. અનિલ સોલંકીના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાયો હતો.

રવિવારે મતદાર ઓળખકાર્ડમાં સુધારા માટે સુખસર કૃષિ શાળા ખાતે કામગીરી હાથ ધરાશે

સુખસર : સુખસર ગામમાં રવિવારના રોજ સુખસર કૃષિ શાળા ખાતે મતદાર ઓળખકાર્ડ (ઇલેક્શન કાર્ડ)માં સુધારા કરવા માટે કામગીરી હાથ ધરવામાં આવશે. જેમાં મતદાર ઓળખકાર્ડમાં જરૂરી સુધારા કરાવવા ઇચ્છતા નાગરિકો માટે આ કામગીરી ઉપયોગી બની રહેશે. મતદાર ઓળખકાર્ડમાં નામ, સરનામું, જન્મ તારીખ સહિતની વિગતોમાં સુધારો કરાવવાનો હોય તેવા નાગરિકોએ જરૂરી દસ્તાવેજો સાથે સંબંધિત સ્થળે હાજર રહી કામગીરીનો લાભ લેવા અપીલ કરવામાં આવે છે.

ડેરોલ સ્થિત પી.કે.એસ. હાઈસ્કૂલ ખાતે વિજ્ઞાન-ગણિત મેળામાં વિદ્યાર્થીઓ ઝળક્યાં

કાલોલ : પી.કે.એસ. હાઈસ્કૂલ, ડેરોલ ખાતે વિજ્ઞાન-ગણિત મેળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ મેળામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈને પોતાની વૈજ્ઞાનિક પ્રતિભાનું પ્રદર્શન કર્યું હતું.આ સ્પર્ધાના જુદા જુદા વિભાગોમાં ધી એમજીએસ શાળાના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરી પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છેઃ વિભાગ ૩ઃ સ્વાસ્થ્ય અને સ્વચ્છતા (Health and Hygiene) આ વિભાગમાં ચૌહાણ તેજસ્વિની અને વણકર જાનવી (બંને ધોરણ ૧૧ સાયન્સ) નામના વિદ્યાર્થીઓએ પ્રથમ ક્રમ મેળવ્યો છે. વિભાગ ૫ઃ આપત્તિ વ્યવસ્થાપન (Disaster Management) આ વિભાગમાં વાઘેલા ધૈર્ય અને પરમાર કુલદીપ (બંને ધોરણ ૧૧ સાયન્સ) નામના વિદ્યાર્થીઓએ પ્રથમ ક્રમ હાંસલ કર્યો છે.

યાત્રાધામ પાવાગઢમાં ઉષા બ્રેકો દ્વારા સંચાલિત રોપવેમાં અકસ્માતથી અફરાતફરી

ફરી માલવાહક રોપવેનો કેબલ તૂટી પડતા સામાન ભરેલી ટ્રોલી નીચે પટકાઈ

અકસ્માતથી અફરાતફરી નો મોલ સર્જાયો સદનસીબે જાનહાનિ ટળી

(પ્રતિનિધી) હાલોલ, તા.15

યાત્રાધામ પાવાગઢમાં માલવાહક રોપવેનો કેબલ તૂટી જતાં માલસામાન ભરેલી ટ્રોલી નીચે પટકાવાની ઘટના સામે આવી છે. ઘટનાને પગલે સ્થળ પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જોકે, સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. બીજી તરફ, ટ્રોલી અને માલસામાનને નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. વારંવાર માલવાહક રોપવેમાં સર્જાતી આવી ઘટનાઓને પગલે

તેની સુરક્ષા અને જાળવણી અંગે સવાલો ઊભા થયા છે.

કેબલ તૂટતાં ટ્રોલી નીચે પટકાઈ મળતી માહિતી મુજબ, પાવાગઢમાં માલસામાનની હેરફેર માટે ઉપયોગમાં લેવાતા માલવાહક રોપવેનો કેબલ તૂટી જતાં માલસામાન ભરેલી ટ્રોલી નીચે પડી હતી. આ ઘટનાથી સ્થળ પર દોડધામ મચી ગઈ હતી. અકસ્માતમાં કોઈ વ્યક્તિને ઈજા કે જાનહાનિ થયાની માહિતી સામે આવી નથી. જોકે, આર્થિક નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માત કયા કારણોસર સર્જાયો અને કેબલ તૂટવા પાછળ ટેકનિકલ ખામી જવાબદાર છે કે અન્ય કોઈ કારણ, તે અંગે સત્તાવાર તપાસની વિગતોની રાહ જોવાઈ રહી છે. ગત વર્ષની દુર્ઘટના બાદ પણ ફરી અકસ્માત પાવાગઢમાં માલવાહક રોપવે સાથે જોડાયેલી અગાઉની દુર્ઘટનાની યાદ આ ઘટનાએ ફરી તાજી કરી છે. ગત વર્ષે ગણેશ વિસર્જન દરમિયાન માલવાહક રોપવેની દુર્ઘટના બની હતી, જેમાં અનેક લોકોએ જીવ ગુમાવ્યો અને અનેક લોકો ઈજાગ્રસ્ત થયાં હતા આ દુર્ઘટના બાદ રોપવેની કામગીરી અને સંચાલનને લઈને પણ ચર્ચા થઈ હતી. ત્યારબાદ્દો ઉષા બ્રેકો કંપનીને કામગીરી સોંપવામાં આવી હોવાની માહિતી સામે આવી હતી.

રોપવેની સુરક્ષા અને જાળવણી અંગે સવાલો હવે ફરી ઉષા બ્રેકો દ્વારા સંચાલિત માલવાહક રોપવેમાં કેબલ તૂટવાની ઘટના બનતાં રોપવેની નિયમિત તપાસ, ટેકનિકલ જાળવણી અને સુરક્ષાનાં ધોરણો અંગે સવાલો ઊભા થયા છે. ખાસ કરીને યાત્રાધામ જેવા સ્થળે માલસામાનની હેરફેર માટે ઉપયોગમાં લેવાતી વ્યવસ્થામાં કોઈ ખામી ન રહે તે માટે સમયાંતરે યોગ્ય નિરીક્ષણ કરવું. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી તે રાહતની બાબત છે, પરંતુ માલવાહક રોપવેના કેબલ તૂટવા પાછળનું ચોક્કસ કારણ જાણવા માટે ટેકનિકલ તપાસ જરૂરી છે. પાવાગઢ જેવા મહત્ત્વના યાત્રાધામમાં શ્રદ્ધાળુઓની સુરક્ષા સાથે સંકળાયેલી કોઈપણ વ્યવસ્થામાં બેદરકારી ન રહે તે અત્યંત જરૂરી છે. હવે સંબંધિત તંત્ર આ ઘટનાને કેટલી ગંભીરતાથી લે છે અને તપાસમાં શું સામે આવે છે તેના પર સૌની નજર રહેશે.

હાલોલ પોલીસ સ્ટેશનમાંથી ફરાર પોક્સોનો આરોપી ઝડપાયો

(પ્રતિનિધી) હાલોલ, તા.15

તા. ૧૩ ઓક્ટોબરના રોજ બપોરના સમયગાળા દરમિયાન હાલોલ ટાઉન પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્ટાફની કચેરીના પહેલા માળે આવેલા શૌચાલયમાં આરોપી આશિષભાઈ હિતેશભાઈ વસૈયા કુદરતી હાજતે જવાનું કહી ગયો હતો. ત્યાં તેણે શૌચાલયની બારી તોડી નાસી જતાં પોલીસ બેડામાં દોડધામ મચી ગઈ હતી. એલ.સી.બી. સ્ટાફ સતત તપાસમાં હતા ત્યારે ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારો મારફતે બાતમી મળી હતી કે ફરાર આરોપી આશિષ વસૈયા ઝાલોદની આસપાસ ફરી રહ્યો છે અને ત્યાંથી મધ્યપ્રદેશના બાલવાસા તરફ ભાગવાની ફિરાકમાં છે. બાતમીના આધારે વોચ ગોઠવી એલ.સી.બી.ની ટીમે દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ગામડી ગામે ચાર રસ્તા પાસેથી આરોપી આશિષભાઈ વસૈયાને ઝડપી પાડ્યો હતો.

વેજલપુર ખાતે તંત્રનું બુલડોઝર ફર્યું

ઘર આગળ કરેલા દબાણમાં છજા સહિત મોટા શેડ હટાવાયા

(પ્રતિનિધી) કાલોલ, તા.15

આગળ વધારી લીધેલા છજા સહિત ૪ હવાઈ દબાણો જમીનદોસ્ત કરાયા. કાલોલ તા ૧૫/૧૦/૨૬ કાલોલ તાલુકાના વેજલપુર ગામમાં જાહેર માર્ગો પર થયેલા ગેરકાયદેસર દબાણો સામે વહીવટી તંત્ર દ્વારા કડક હાથે કાર્યવાહી કરવામાં આવી છે.

ગામના મુખ્ય માર્ગો પર દુકાનો આગળ ગેરકાયદે બાંધેલા આગળ પડતા છજા, પતરાના શેડ તેમજ કેબિનો સહિત કુલ ૪ જેટલા મોટા દબાણોને જેસીબીની મદદથી તોડી પાડી રસ્તાઓ ખુલ્લા

કરવામાં આવ્યા છે. વેજલપુર ગામના પ્રવેશદ્વાર અને જાહેર માર્ગો પર દુકાનદારો દ્વારા આગળ કાઢવામાં આવેલા મોટા છજા, હોર્ડિંગ બોર્ડ અને શાકભાજીની લારીઓના કારણે રસ્તો સાંકડો બની ગયો હતો. આ દબાણોથી રાહદારીઓ અને વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડતી હતી. તંત્ર દ્વારા જેસીબી મશીનથી દુકાનોના આગળ નીકળેલા છજા સહિત તમામ નડતરરૂપ ૪ દબાણો સંપૂર્ણપણે દૂર કરી દેવામાં આવ્યા છે. વેજલપુર ગ્રામ પંચાયતના તલાટી-કમ-મંત્રીએ જણાવ્યું હતું કે, સ્થાનિક અરજદાર પ્રકાશકુમાર આસવાણી દ્વારા તાલુકા સ્વાગત ઓનલાઇન કાર્યક્રમમાં આ અંગે લેખિત રજૂઆત કરવામાં આવી હતી.

ફીડર વિભાજનની કામગીરી શરૂ કરી દેવાઇ

ગોધરાના બામરોલી રોડ વિસ્તારમાં મળશે અવિરત વીજ પુરવઠો

૫૬૬ કે.વી. લિલેસરા સબસ્ટેશનનો ઓવરલોડ ઘટાડવા ૩. ૩.૫૦ કરોડના ખર્ચે નવા બે ફીડર ઉભા કરાશે

(પ્રતિનિધી) ગોધરા, તા.15

ગોધરા શહેરના બામરોલી રોડ વિસ્તારના રહીશોને હવે વારંવાર વીજ પુરવઠો ખોરવાવાની સમસ્યામાંથી કાયમી મુક્તિ મળશે. મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા ગોધરા પૂર્વ પેટા વિભાગીય કચેરી હેઠળ આવતા ૬૬ કે.વી. લિલેસરા સબસ્ટેશન પરથી નીકળતા ૧૧ કે.વી. ચંદનબાગ

અને ૧૧ કે.વી. કનેલાવ ફીડરના વિભાજનની કામગીરીનો આજથી પ્રારંભ કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટથી બામરોલી રોડ અને આસપાસના વિસ્તારના ગ્રાહકોને વધુ સ્થિર, વિશ્વસનીય અને અવિરત વીજ પુરવઠો પૂરો પાડવામાં આવશે. ગત ઉનાળાની ઋતુમાં ૬૬ કે.વી. લિલેસરા સબસ્ટેશન પર વીજભાર અચાનક વધી જવાના કારણે સબસ્ટેશન ઓવરલોડ થઈ જતું હતું. જેના પરિણામે વારંવાર પાવર કટ થવાની ગંભીર સમસ્યાઓ સર્જાતી હતી. આ મુશ્કેલીના નિવારણ માટે એમજીવીસીએલ દ્વારા યુદ્ધના ધોરણે સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. સર્વે બાદ નજીકના 66 કે.વી. મેહુલિયા સબસ્ટેશન પરથી નવા બે ફીડર કાઢવા માટે વડી કચેરી સમક્ષ દરખાસ્ત મૂકવામાં આવી હતી, જેને અંદાજે રૂ. ૩.૫૦ કરોડની ટેકનિકલ મંજૂરી મળતા જ આજથી ગ્રાઉન્ડ લેવલ પર કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. નવા ફીડરની કામગીરી પૂર્ણ થયા બાદ બામરોલી રોડ વિસ્તારના લોકોને નવા વિભાજિત ફીડર મારફતે સીધી વીજળી પૂરી પાડવામાં આવશે.

ગુલબાર ગામેથી રૂ.૩૨.૯૯ લાખની કિંમતના અફીણના પોષ ડોડા ઝડપાયા

(પ્રતિનિધી) દાહોદ, તા.15

ગરબાડા પોલીસને મળેલી માદક પદાર્થની હેરાફેરી અંગેની બાતમીના આધારે ગુલબાર ગામ નજીક મધ્યપ્રદેશના ભાડાખેડાં તરફથી આવી રહેલી એક શંકાસ્પદ ફોરવ્હીલર ગાડીને ગરબાડા પોલીસ દ્વારા રોકવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જોકે, ડરથી અંધારાને લાભ લઈ પકડાઈ વાહનચાલક ગાડી મૂકીને નજીકના લીલા મકાઈના ખેતર તરફ ભાગી છૂટ્યો હતો. ત્યારબાદ પોલીસે ગાડીની તલાસી લેતા ગાડીમાં ભરેલ પ્રતિબંધિત એવા અફીણના પોષ ડોડાનો મોટો જથ્થો જોઈ પોલીસ ચોંકી ઉઠી હતી. પોલીસે ગાડી માંથી તલાસી દરમિયાન રૂપિયા ૩૨,૯૯-૫૫૦(ની કુલ કિંમતના વજનના પ્રતિબંધિત એવા અફીણના પોષ ડોડાનો જથ્થો પકડી પાડયો હતો. અને સદર અફીણના પોષ ડોડા ની હેરાફેરીમાં ઉપયોગમાં કિંમતની લેવાયેલ રૂપિયા ફોરવ્હીલ પાંચ ગાડી લાખની મળી રૂપિયા ૩૭,૯૯,૫૦૦/-નો મુદ્દા માલ કબજે લઈ આ મામલે ફોરવીલ ગાડીના ચાલક વિરુદ્ધ એન.ડી. પી.એસ.એક્ટ ૧૯૮૫ ની કલમ ૮ (સી), ૧૫(સી) મુજબ નાર્કોટિક્સનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરાઈ છે.

કાલોલમાં શાકમાર્કેટ પાસે નવી ટાઉન પોલીસ ચોકીનું ખાતમુહૂર્ત

(પ્રતિનિધી) કાલોલ, તા.15

કાલોલ શહેરના મધ્ય ભાગમાં આવેલી અને લાંબા સમયથી અત્યંત જર્જરિત હાલતમાં ફેરવાયેલી જૂની ટાઉન પોલીસ ચોકીને નવેસરથી અત્યાધુનિક સુવિધાઓ સાથે બનાવવા માટે આજરોજ ભવ્ય ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો હતો. શહેરના શાકમાર્કેટ વિસ્તારમાં અર્બન બેંક સામે આવેલી આ જગ્યા પર નવીન પોલીસ ચોકીના નિર્માણ માટે શિલાન્યાસ વિધિ શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર વિધિથી સંપન્ન કરવામાં આવી હતી. આ ખાતમુહૂર્ત પ્રસંગે પંચમહાલના સાંસદ રાજપાલસિંહ જાદવ, કાલોલના લોકપ્રિય ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ અને પંચમહાલ જિલ્લા પોલીસ વડા ડૉ. હરેશભાઈ દુધાત વિશેષ ઉપસ્થિતિમાં હાજર રહ્યા હતા. આ ઉપરાંત કાર્યક્રમમાં કાલોલ નાયબ પોલીસ અધિક્ષક નવીન આહીર તેમજ કાલોલ પોલીસ સ્ટેશનના સિનિયર પોલીસ ઇન્સ્પેકટર આર.ડી. ભરવાડ પણ સત્તાવાર ઉપસ્થિતિ નોંધાવી હતી.

ચલાલી ગામે ઝાડ પર લટકી યુવકે આત્મહત્યા કરી લીધી

(પ્રતિનિધી) કાલોલ, તા.15

પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના ચલાલી ગામમાં રહેતા ચૌહાણ મિતેશકુમાર પર્વતસિંહ (ઉ.વ-૨૨) તેઓ વેજલપુર ખાતે આવેલી કર્ણાવતી નામની દુકાને કામ કરી પોતાનું અને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. જે વહેલી સવારે રોજની જેમ દુકાને જવા માટે સવારે નીકળ્યો હતો વેજલપુર પહોંચ્યા પછી કોઈ મિત્રની બાઇક લઈને વેજલપુર થી ચલાલી જોડતા માર્ગ ઉપર આવેલા જોડીયા કુવા ચોકડીથી આગળ કાંકરા કોતરડી જંગલ વિસ્તારમાં એક અંદરખના ઝાડ ઉપર દોરડા વડે ગળે ફાંસો ખાઈ ગયેલ જોવા મળેલ ત્યાર બાદ

વેજલપુર પોલીસને જાણ કરતા ઘટના સ્થળે આવી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી ઘટના સ્થળેથી મૃતક પાસે થી એક મોબાઇલ ફોન,હાથ રૂમાલ, પોકેટ, ચંપલ મળી આવ્યા હતા મૃતદેહને સિવિલ હોસ્પિટલ ગોધરા ખાતે પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યો છે.

દાહોદ જિલ્લામાં ૨૪ કલાકમાં બે ગમખ્વાર અકસ્માત: ૨ નાં મોત

દાહોદ : દાહોદ જિલ્લામાં વીતેલા ૨૪ કલાકમાં સર્જાયેલા બે ગમખ્વાર અકસ્માતમાં બે યુવકોનાં કરુણ મોત થયાં છે અને અન્ય લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. પ્રથમ બનાવમાં, દાહોદના ખરોડ ગામે હાઈવે પર લાઈટ કે રિફ્લેક્ટર વગર બેદરકારીથી ઊભા રાખેલા ડમ્પર પાછળ પલ્સર બાઈક ધડાકાભેર અથડાતાં બાઈક ચાલક સુકમભાઈ ડામોરનું સ્થળ પર જ મોત થયું હતું અને બાઈક પર સવાર અન્ય બે યુવાનોને ગંભીર ફ્રેક્ચર જેવી ઈજાઓ પહોંચી હતી; આ મામલે ફરાર ડમ્પર ચાલક વિરુદ્ધ દાહોદ તાલુકા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જ્યારે અકસ્માતનો બીજો બનાવ કઠલા ગામે અમદાવાદ-ઈન્દોર હાઈવે પર મધરાતે બન્યો હતો, જ્યાં પૂરઝડપે આવી રહેલી એક ટ્રકે સામેથી આવતી મહિન્દ્રા ટ્રકને જોરદાર ટક્કર મારી હતી. આ ભયાનક ટક્કરમાં ટ્રકના ક્લીનર અવધેશ કુમાર પાસીનું શરીરે તથા માથામાં ગંભીર ઈજાઓ થવાથી ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું, જ્યારે મહિન્દ્રા ટ્રકના ચાલકને ઈજાઓ પહોંચી હતી. આ બનાવ અંગે કતવારા પોલીસે કસૂરવાર ટ્રક ચાલક વિરુદ્ધ ફેટલ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

જાહેર નોટીસ અરજદારના વ.શ્રી.એ.એમ.વસૈયા

ઝાલોદના મહે. એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ સાહેબશ્રી ની કોર્ટમાં, મુ. ઝાલોદ
ફિ. પ. અ. નં. ૪૦૩/૨૦૨૬ મુદત તારીખ - ૨૧/૧૧/૨૦૨૬
અરજદાર: સંગાડા મુકેશભાઈ ખેતાભાઈ રહે.ખજુરી ફળીયું, નાની ઠાંડી, તા.ગોવિંદગુરુ લીમડી, જી.દાહોદ
સામાવાળા: તલાટી કમ મંત્રી, મોટી ઠાંડી ગ્રામ પંચાયત કચેરી, મોટી ઠાંડી, તા.ગોવિંદગુરુ લીમડી, જી.દાહોદ
બાબતઃ જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ ૧૩(૩) મુજબ
આથી આ નોટીસથી જાહેર જનતા તેમજ લાગતા વળગતા હિત ધરાવતા તમામ ઇસમોને આ નોટીસથી જણાવવામાં આવે છે કે, આ કામના અરજદારના પુત્રી સંગાડા વંદનાબેન મુકેશભાઈ નો જન્મ તા.૩૦/૦૧/૨૦૧૦ ના રોજ ખજુરી ફળીયું નાની ઠાંડી, તા.ગોવિંદગુરુ લીમડી, જી.દાહોદ મુકામે થયેલ, જે તે સમયે કાયદાના અજ્ઞાનતા અને અભણ ઠોવાના કારણે તેમના પુત્રીની જન્મ નોંધણી સામાવાળા ત.ક.મંત્રીના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ, ઠાલમાં તેઓની પુત્રીના અન્ય સરકારી કામકાજ માટે જન્મના દાખલાની જરૂર પડેલ જેથી સામાવાળા ત.ક.મંત્રીને અરજી કરતા રેકર્ડ તપાસી તા.૨૯/૦૮/૨૦૨૬ ના રોજ એવો દાખલો લખી આપેલ કે, તેમના પુત્રીનું નામ જન્મ રજીસ્ટરમાં નોંધાયેલ નથી અને જન્મનો દાખલો મેળવવા માટે અત્રેની નામદાર કોર્ટમાં ફોજદારી પરચુરણ અરજી નં.૪૦૩/૨૦૨૬ દાખલ કરેલ છે. સદરહું જન્મનો દાખલો અરજદારને આપવા સામે જે કોઈ ઇસમો કે લાગતા વળગતાને વાંધો યા તકરાર હોય તો તેઓએ મુદત તારીખ - ૨૧/૧૧/૨૦૨૬ ના રોજ સવારના ૧૦:૩૦ કલાકે નામદાર કોર્ટમાં વાંધો યા તકરાર રજુ કરવા. જો તેમ કરવામાં કસુર કરશો તો નામદાર કોર્ટ યોગ્ય તે હુકમ કરશે જેની નોંધ લેશો. આજ તારીખ ૧૨ ઓક્ટોબર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.
તૈયાર તથા મુકાબલ કરનાર (જી.એલ.કામોલ) આસીસ્ટન્ટ | કોર્ટનો સિક્કો | (ડી.આઈ.એસ.ભાટી) એડી.ચીફ જ્યુડી.મેજી.ઝાલોદ

જાહેર નોટીસ અરજદારના વ.શ્રી.એ.એમ.વસૈયા

ઝાલોદના મહે. એડી. ચીફ જ્યુડી. મેજિસ્ટ્રેટ સાહેબશ્રી ની કોર્ટમાં, મુ. ઝાલોદ
ફિ. પ. અ. નં.૪૭૯/૨૦૨૬ મુદત તારીખ-૨૧/૧૧/૨૦૨૬
અરજદાર: મકાર લક્ષ્મણભાઈ લીબાભાઈ, ઉ.વ. ૨૫, ધંધો: ખેતી, રહેવાસી: સુથારવાસા, તા.ગોવિંદગુરુ લીમડી, જી.દાહોદ
સામાવાળા: તલાટી કમ મંત્રી, ગ્રામ પંચાયત કચેરી, સુથારવાસા, તા.ગોવિંદગુરુ લીમડી, જી.દાહોદ
બાબતઃ જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ ૧૩(૩) મુજબ
આથી આ નોટીસથી જાહેર જનતા તેમજ લાગતા વળગતા હિત ધરાવતા તમામ ઇસમોને આ નોટીસથી જણાવવામાં આવે છે કે, આ કામના અરજદારના પુત્ર મકાર રાજકુમાર લક્ષ્મણભાઈ નો જન્મ તા.૧૮/૦૨/૨૦૧૬ તથા બીજા નંબરનો પુત્ર મકાર જયરાજભાઈ લક્ષ્મણભાઈ નો જન્મ તા.૦૮/૦૩/૨૦૧૫ તથા સૌથી નાનો પુત્ર મકાર વિરમભાઈ લક્ષ્મણભાઈ નો જન્મ તા.૨૪/૦૧/૨૦૧૭ ના રોજ સુથારવાસા, તા.ગોવિંદગુરુ લીમડી, જી.દાહોદ મુકામે થયેલ, જે તે સમયે કાયદાના અજ્ઞાનતા અને અભણ ઠોવાના કારણે તેમના પુત્રની જન્મ નોંધણી સામાવાળા ત.ક.મંત્રીના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ, ઠાલમાં તેઓના પુત્રોના અન્ય સરકારી કામકાજ માટે જન્મના દાખલાની જરૂર પડેલ જેથી સામાવાળા ત.ક.મંત્રીને અરજી કરતા રેકર્ડ તપાસી તા.૧૦/૦૯/૨૦૨૬ ના રોજ એવો દાખલો લખી આપેલ કે, તેમના પુત્રોનું નામ જન્મ રજીસ્ટરમાં નોંધાયેલ નથી અને જન્મનો દાખલો મેળવવા માટે અત્રેની નામદાર કોર્ટમાં ફોજદારી પરચુરણ અરજી નં.૪૭૯/૨૦૨૬ દાખલ કરેલ છે. સદરહું જન્મનો દાખલો અરજદારને આપવા સામે જે કોઈ ઇસમો કે લાગતા વળગતાને વાંધો યા તકરાર હોય તો તેઓએ મુદત તારીખ - ૨૧/૧૧/૨૦૨૬ ના રોજ સવારના ૧૦:૩૦ કલાકે નામદાર કોર્ટમાં વાંધો યા તકરાર રજુ કરવા. જો તેમ કરવામાં કસુર કરશો તો નામદાર કોર્ટ યોગ્ય તે હુકમ કરશે જેની નોંધ લેશો. આજ તારીખ ૧૩ ઓક્ટોબર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો
તૈયાર તથા મુકાબલ કરનાર (જી.એલ.કામોલ) આસીસ્ટન્ટ | કોર્ટનો સિક્કો | (ડી.આઈ.એસ.ભાટી) એડી.ચીફ જ્યુડી.મેજી.ઝાલોદ

જાહેર નોટીસ અરજદારના વ.શ્રી.એ.એમ.વસૈયા

ઝાલોદના મહે. એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ સાહેબશ્રી ની કોર્ટમાં, મુ. ઝાલોદ
ફિ. પ. અ. નં.૪૫૬/૨૦૨૬ મુદત તારીખ-૨૧/૧૧/૨૦૨૬
અરજદાર: નિનામા દિલીપભાઈ ડડવાભાઈ રહે.ધામણબોગરા ફળીયું માટીહાંડી તા.ગોવિંદગુરુ લીમડી, જી.દાહોદ
સામાવાળા: તલાટી કમ મંત્રી,મોટી હાંડી ગ્રામ પંચાયત કચેરી,મોટી હાંડી તા.ગોવિંદગુરુ લીમડી,જી.દાહોદ
બાબતઃ જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ ૧૩(૩) મુજબ
આથી આ નોટીસથી જાહેર જનતા તેમજ લાગતા વળગતા હિત ધરાવતા તમામ ઇસમોને આ નોટીસથી જણાવવામાં આવે છે કે, આ કામના અરજદારના પુત્ર શિવરાજભાઈ દિલીપભાઈ નિનામા નો જન્મ તા.૦૬/૦૬/૨૦૧૬ ના રોજ મોટી ઠાંડી, તા.ગોવિંદગુરુ લીમડી, જી.દાહોદ મુકામે થયેલ, જે તે સમયે કાયદાના અજ્ઞાનતા અને અભણ ઠોવાના કારણે તેમના પુત્રના જન્મ નોંધણી સામાવાળા ત.ક.મંત્રીના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ, ઠાલમાં તેઓના પુત્રના અન્ય સરકારી કામકાજ માટે જન્મના દાખલાની જરૂર પડેલ જેથી સામાવાળા ત.ક.મંત્રીને અરજી કરતા રેકર્ડ તપાસી તા.૦૬/૦૯/૨૦૨૬ ના રોજ એવો દાખલો લખી આપેલ કે, તેમના પુત્રનું નામ જન્મ રજીસ્ટરમાં નોંધાયેલ નથી અને જન્મનો દાખલો મેળવવા માટે અત્રેની નામદાર કોર્ટમાં ફોજદારી પરચુરણ અરજી નં.૪૫૬/૨૦૨૬ દાખલ કરેલ છે. સદરહું જન્મનો દાખલો અરજદારને આપવા સામે જે કોઈ ઇસમો કે લાગતા વળગતાને વાંધો યા તકરાર હોય તો તેઓએ મુદત તારીખ - ૨૧/૧૧/૨૦૨૬ ના રોજ સવારના ૧૦:૩૦ કલાકે નામદાર કોર્ટમાં વાંધો યા તકરાર રજુ કરવા. જો તેમ કરવામાં કસુર કરશો તો નામદાર કોર્ટ યોગ્ય તે હુકમ કરશે જેની નોંધ લેશો.
આજ તારીખ ૧૨ ઓક્ટોબર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો
તૈયાર તથા મુકાબલ કરનાર (જી.એલ.કામોલ) આસીસ્ટન્ટ | કોર્ટનો સિક્કો | (ડી.આઈ.એસ.ભાટી) એડી.ચીફ જ્યુડી.મેજી.ઝાલોદ